સમાજ સુરક્ષા ખાતા હેઠળ સ્વૈચ્છીક સંસ્થાઓ મારફત નવી સંસ્થાઓ શરૂ કરવાની માન્યતા ન આપવા બાબત.

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક-અપગ/૧૦૯૭/૫૬૫/છ.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :- ૭/૭/૯૭

વંચાણે લીધા :-

(૧) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૧૨/૮/૯૨ નો ઠરાવ ક્રમાંક-અપગ/૧૦૯૨/સુમ-૨૦/છ.
(૨) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૨૨/૧/૯૩ નો ઠરાવ ક્રમાંક-અપગ/૧૦૯૨/મ-૨૯/છ.

ઠરાવ :-

સમાજ સુરક્ષા ખાતા હેઠળ રાજ્યમાં અંધ, અપંગ બહેરા મૂંગા માનસિક ક્ષતિવાળા બાળકો, વૃધ્ધો, અનાથ બાળકો તેમજ મહિલાઓ અને બાળકોના કલ્યાણ માટે નવી સંસ્થાઓને સરકાર પાસે ગ્રાન્ટની માંગણી ન કરવા અને સ્વયં નાણાંકીય સાધનો ઉભા કરીને સંચાલન કરવાની શરતે માન્યતા આપવાના હુકમો આમુખમાં ક્રમાંક-(૨) આગળના ઠરાવથી કરવામાં આવ્યા હતા. આ જોગવાઇના સંદર્ભમાં સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા એક વખત ગ્રાન્ટ ન મળવાની શરતે માન્યતા મેળવી લીધા પછી પાછળથી સરકારશ્રીના ધારાધોરણો પ્રમાણે સંસ્થાઓને અનુદાનને પાત્ર ગણીને સહાયક અનુદાન નિયમ સંગ્રહની જોગવાઇ મુજબ ગ્રાન્ટ મંજુર કરવા માટે સરકારશ્રી સમક્ષ વારંવાર રજુઆતો કરવામાં આવે છે. અને તેથી સરકાર પર બીન જરુરી આર્થિક બોજો વધે તેવી પરિસ્થિતિ ઉભી થાય છે આ હકીકતને ધ્યાનમાં લઇ નવી ગ્રાન્ટ વગરની સંસ્થાઓને પણ માન્યતા ન આપવા અંગે નિષેધાત્મક નિર્ણય લેવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. યોગ્ય વિચારણાને અંતે, સરકારે નીચે મુજબ નિર્ણય કરવાનું ઠરાવેલ છે.

(૧) એકવાર ગ્રાન્ટ ન લેવાની શરતે સંસ્થાની માન્યતા મેળવ્યા બાદ પાછળથી ગ્રાન્ટ માટે માંગણી કરવામાં આવતી જ હોય છે તેથી તે સંજોગોમાં નવી સંસ્થાઓને મંજૂરી/માન્યતા નહી આપવાનું નકકી કરવામાં આવે છે.

(૨) આ હુકમોની તારીખથી આમુખ ક્રમાંક-(૨) આગળ દર્શાવેલ તા. ૨૨/૬/૯૩ ના ઠરાવનો અમલ કરવાનો થતો નથી.

(૩) સહાયક અનુદાન મેળવતી માન્ય સંસ્થાઓમાં પણ ચકાસણી-નિરીક્ષણ દરમિયાન સરકારના માપદંડ મુજબ કાર્ય ન થતું હોવાનું ધ્યાન ઉપર આવશે તો તેની ગ્રાન્ટ અટકાવવી/માન્યતા રદ કરવા જેવાં નિયમોનુસાર પગલાં હાથ ધરવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પી. એચ. સવકિર )
નાયબ સચિવ,
સમાજ કલ્યાણ વિભાગ.

પ્રતિ,

માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. મંત્રીશ્રી, સમાજ કલ્યાણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. નાયબ મંત્રીશ્રી મહેસુલ સ.ક. અને દુષ્કાળ રાહતના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ/નાયબ મંત્રીશ્રીઓ/મા.મુખ્યમંત્રીશ્રીના સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવ, સચિવાલય, ગાંધીનગર.
વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ.
એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર અને અમદાવાદ.
નિવાસી ઓડીટ અધિકારી ગાંધીનગર અને અમદાવાદ.
નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
નાણાં સલાહકારશ્રી સમાજ કલ્યાણ વિભાગ.
નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, અમદાવાદ.
સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ.
પસંદગી ફાઇલ.

વાણંદ/૩-૭/૨૯૮.